## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




જુઓ, પાટીદાર સંમેલનમાંથી આટલાં બધાં પેકેટ્સ ભરીને મોહનથાળ હું લાવી છું. હવે ઉત્તરાયણમાં ચિક્કી અને જલેબી માંગતા નહીં !

# ૧૧મીથી માર્ગ સલામતી સપ્તાહ

## શાળા-કોલેજો, પોલીસ, એન.જી.ઓ., ડબલ્યુ.એચ.ઓ., વિશ્વબેંક અને એશિયન ડેવલપમેન્ટ બેંક સહિતની સંસ્થાઓ દ્વારા લોકજાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા. ૬

ગુજરાત સહિત સમગ્ર દેશમાં માર્ગ સલામતી અંગે વધુ જાગૃતતા આવે તે હેતુથી દર વર્ષની જેમ આ વર્ષે પણ આગામી તા. ૧૧ જાન્યુઆરી થી ૧૭ જાન્યુઆરી ૨૦૨૦ દરમિયાન '૩૧મું માર્ગ સલામતી સપ્તાહ' યોજવાનું કેન્દ્રના માર્ગ વાહન વ્યવહાર મંત્રાલય દ્વારા નક્કી કરવામાં આવ્યું છે.

આગામી તા. ૧૧ થી ૧૭ જાન્યુઆરી ૨૦૨૦ દરમિયાન યોજાનારા આ માર્ગ સલામતી સપ્તાહ દરમિયાન નાગરિકો અને વાહન ચાલકોમાં જાગૃતિ લાવવા માટે યોજાનાર વિવિધ કાર્યક્રમોમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર પોલીસ, તબીબો, શાળાઓ, કોલેજો, સ્વૈચ્છિક સંસ્થાઓ, ઉદ્યોગો, વિશ્વ આરોગ્ય સંસ્થા-ડબલ્યુ. એચ. ઓ., વિશ્વ બેન્ક તેમજ એશિયન ડેવલપમન્ટ બેન્ક જેવી સંસ્થાઓ જોડાશે. જેમાં વોકાથોન, ટ્રાફિકના નિયમો તોડનારને ગુલાબ આપી સમજાવવા, મહિલાઓ દ્વારા વિવિધ વાહન રેલી, ઔદ્યોગિક વસાહતો, ટોલ પ્લાઝા ઉપર વાહન ચાલકો માટે મેડિકલ કેમ્પ, રોડ સેફટી મેસ્કોટ, રોડ અકસ્માત અંગે વર્લ્ડ બેન્ક દ્વારા આંકડા રજૂ કરવા, વર્લ્ડ બેન્ક સાથે મળીને નેશનલ હાઈવે મેનેજમેન્ટ સિસ્ટમ લોન્ચ કરવી, માર્ગ સલામતી ક્ષેત્રે શ્રેષ્ઠ દેખાવ કરનાર રાજયને એવોર્ડથી સન્માનીત કરાશે, રોડ સલામતી અંગે સમર્થન આપનાર ૨૦૦ જેટલી એન.જી.ઓ.ને એવોર્ડ તેમજ વિવિધ પ્રચાર-પ્રસાર માધ્યમો સાથે સંવાદ યોજવામાં આવશે. આ ઉપરાંત વાહનમાં નવી ટેકનોલોજી ઉપર સેમિનાર, ઓટોમોબાઈલ ૨૦૨૩નો ગ્લોબલ સ્ટાન્ડર્સ મુજબ પરિસંવાદ, મોટર વાહન વીમા અંગે વિવિધ વર્કશોપ, લૉ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા વાહનોના કાયદા અંગે પ્રેઝન્ટેશન, નેશનલ રોડ સેફટી કાઉન્સિલ અને ટ્રાન્સપોર્ટ ડેવલપમેન્ટ કાઉન્સિલ તેમજ માર્ગ સલામતીમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર રાજ્ય સચિવશ્રીઓ સાથે બેઠક, સીમ્પોઝિયમ ઓફ સેફર રોડ તેમજ સપ્તાહ દરમિયાન ૫૦૦ જેટલી કોલેજો-શાળાના વિદ્યાથીઓ દ્વારા માર્ગ સલામતીનો પ્રચાર, અકસ્માત બાદ પ્રાથમિક સારવાર, સ્થાનિક શહેરોમાં એફ.એમ. અને ટ્વીટર દ્વારા માર્ગ સલામતી અંગે જાગૃતિ લાવવા જેવા વિવિધ કાર્યક્રમો યોજીને ગુજરાત સહિત દેશભરમાં માર્ગ અકસ્માતો ઘટાડવાના વધુ પ્રયાસો કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, માર્ગ સલામતી અંગેની સંસદીય બંધારણીય કમિટિ દ્વારા જિલ્લા કલેકટરશ્રીને સભ્ય સચિવ તરીકે નિયુક્તિ કરવામાં આવી છે તેમ, યાદીમાં વધુમાં જણાવાયું છે.

## ખૂણેખાંચરેથી

- જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકેનો હવાલો સંભાળતા ઉપપ્રમુખ ભરતભાઈ પટેલે આજે સભ્યો અને કર્મયોગીઓને લાડુ-દાળ-ભાત-શાકનું ભોજન કરાવ્યુ હતુ.
- જિલ્લા કલેક્ટર ડૉ. આર્યએ આજે સી.એમ. ડેશ બોર્ડને લઈ ખાસ સમીક્ષા બેઠક કરી હતી.
- માતા-યશોદા એવોર્ડ માટે આજે જિલ્લા સ્ક્રીનીંગ કમિટીની પ્રાથમિક બેઠક મળી હતી.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં જીસ્વાન નેટવર્કથી જોડાયેલા ફોન બંધ પડ્યા છે.
- જિલ્લાની આરોગ્ય સેવાઓને લઈ આજે જિલ્લા વિકાસ અધિકારીએ જિલ્લા આરોગ્ય અધિકારી સાથે ખાસ બેઠક કરી હતી.

# રાષ્ટ્રનો વિકાસ એ જ આપણું લક્ષ્ય : રાજ્યપાલ



ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતે રાજભવન, ગુજરાતના મહેમાન બનેલા દેશના પૂર્વોત્તર રાજયોમાંથી આવેલા ૫૦ વિદ્યાર્થીઓને સંબોધતાં જણાવ્યું હતું કે વિવિધતામાં એકતા એ ભારતીય સંસ્કૃતિની વિશેષતા છે. રાષ્ટ્રીય એકતા પ્રવાસ અંતર્ગત ભારત ભ્રમણ દરમિયાન દેશના સાંસ્કૃતિક વૈભવથી માહિતગાર થઈ અન્ય લોકોને પણ વિશાળ દેશની સાંસ્કૃતિક સંપદાથી અનુરોધ કરી વિદ્યાર્થીઓને જણાવ્યુ હતું કે રાષ્ટ્રનો વિકાસ એ જ પ્રત્યેક નાગરિકનું લક્ષ્ય હોવું જોઈએ. તેમણે વિદ્યાર્થીઓને જ્ઞાનસંપન્ન, સંસ્કારવાન અને તંદુરસ્ત જીવન માટે શુભકામનાઓ પાઠવી હતી. તેમણે જણાવ્યું હતું કે ભારત દેશે ક્યારેય પડોશી રાષ્ટ્રો ઉપર આક્રમણની પહેલ નથી કરી. શાંતિ-સદ્ભાવ અને 'વસુવૈધ કુટુમ્બકમ્'ની ભાવના આપણા સંસ્કૃતિ અને સંસ્કાર છે.

અત્રે ઉલ્લેખનીય છે કે બટાલિયન દ્વારા દેશના સાતેય પૂર્વોત્તર રાજ્યોના બાળકોને માટે રાષ્ટ્રીય એકતા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત પૂર્વોત્તર રાજ્યોના પસંદ પામેલા ૩૮ વિદ્યાર્થીઓ અને ૧૨ વિદ્યાર્થીનીઓ મળી ૫૦ વિદ્યાર્થીઓ ગુજરાતના મહેમાન બન્યા છે. ગુજરાત રાજ્યની મુલાકાતના ભાગરૂપે આ વિદ્યાર્થીઓએ ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની શુભેચ્છા મુલાકાત લીધી હતી. સાથેની ઔપચારિક વાતચીત દરમિયાન આ પ્રવાસ ઘણો જ આહલાદક અને ભારત દેશના સાંસ્કૃતિક વૈવિધ્યને માણવાના અમૂલ્ય અવસર સમાન ગણાવ્યો હતો. આ બાળકો સાથે બે શિક્ષકો ઉપરાંત આસામ રાઈફલના મેજર રોહન મુન્શી, નાયક સુબેદાર એસ.પી. ભાટિયા, વોરન્ટ અફસર રીચપાલ અને રાઈફલ મેન આઈ.બી. સીંગ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ગાંધીનગર સમાચાર પરિવારનું ગૌરવ

# સિનિયર પત્રકાર પ્રકાશ જહાને બ્રહ્મ ગૌરવ એવોર્ડ એનાયત



ગાંધીનગર સમાચારના વરિષ્ઠ પત્રકાર પ્રકાશ જહાને બ્રહ્મ ગૌરવ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. ટેલીવિઝન અને ફિલ્મ ક્ષેત્રનાં જાણીતાં અભિનેત્રી રૂપા દિવેટીયા અને અભિનેતા મેહુલ બુચના હસ્તે તેમને આ પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. નગરના પત્રકાર જગત તરફથી પ્રકાશભાઈ તરફ અભિનંદનનો પ્રવાહ વહી રહ્યો છે.

## આજે જલારામ મહિલા મંડળ દ્વારા ડબ્બા ઉજાણી કરાશે

ગાંધીનગર, તા. ૬

જલારામ મહિલા મંડળ દ્વારા તા. ૭ જાન્યુઆરીના રોજ મહાત્મા મંદિર સામે 'ગ' રોડ સ્વર્ણિમ પાર્ક ખાતે ડબ્બા ઉજાણીનું આયોજન બપોરે ૨ થી ૫.૩૦ દરમ્યાન કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત હાઉસી તથા વન મિનીટ ગેમ પણ યોજાશે. સમાજની દરેક બહેનોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ નીતાબેન ધોકાઈ તથા મંત્રી ઉષા જી. ઠક્કર દ્વારા જણાવાયું છે.

## ડાન્સ સ્કેટસ સ્પોર્ટસ એસોસીએશનની રાજયકક્ષાની સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૬

અમદાવાદની નવરંગ હાઈસ્કૂલ ખાતે ડાન્સ સ્કેટસ સ્પોર્ટસ એસોસીએશનની રાજ્યકક્ષાની સ્પર્ધા રવિવારના રોજ યોજાઈ હતી. ગુજરાત રાજ્યમાંથી આવેલ ૩૦ જેટલી ટીમોએ ખુબજ ઉત્સાહભેર સ્પર્ધામાં ભાગ લીધો હતો.



કડી સર્વ વિદ્યાલય સંચાલિત લલીત કલા ગાંધીનગરના વિદ્યાર્થીઓ ક્રિષ્ના ચંડિસરા, હીર ઠાકુર, શિવમ, મૂલ્યા, વિર, નિહાર તથા ભવ્યએ આ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લઈ સંસ્થાનું ગૌરવ વધાર્યુ હતુ.

એસોસિએશનના પ્રમુખ ધર્મેશભાઈ પરમાર, સહમંત્રી દિવ્યેશભાઈ ગોહિલ, કન્વીનર આનંદ કાપડિયા દ્વારા મેડલ તથા પ્રમાણપત્રો એનાયત કરી અભિનંદન પાઠવ્યા હતા. સંસ્થાનું ગૌરવ વધારનાર વિદ્યાર્થીઓને કોચ વસીમ મન્સુરી, કોરીયોગ્રાફર સૌરભ પંડ્યા તથા લલીત કલાના આચાર્યા દિનાબેન ડોડીયાએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## શહેરના જી-થ્રી સાયકલ કલબ સંલગ્ન યુવાને ૧૫૦ કિમીની સાયક્લિંગ ચેલેન્જ સફળતાપૂર્વક પૂર્ણ કરી

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના યુવા સાયક્લિસ્ટ ઈશાન મોદીએ ૧૫૦ કિલોમીટર સાયક્લિંગ નિયત સમયમાં પૂર્ણ કરી બીઆરએમ ચેલેન્જનું બીજુ ચરણ સફળતાપૂર્વક પૂર્ણ કર્યુ છે. શહેરની જી-થ્રી સાયકલ ક્લબ સંલગ્ન સાયક્લિસ્ટ ઈશાન મોદીએ આ સાયકલ ચેલેન્જ ૧૦.૦૫ કલાકમાં પૂર્ણ કરી હતી જે મોટેરાથી શરૂ થઈને મહેસાણાના વ્લીસ વૉટર પાર્કથી પરત મોટેરા સુધીની યોજાઈ હતી.




શહેરના યુવા સાયક્લિસ્ટ ઈશાન મોદીએ ઔડોક્સ ઈન્ડિયા ગૃપ તથા ગાંધીનગરની જીથ્રી સાયકલ ક્લબ દ્વારા સંયુક્ત પણે આયોજિત બીઆરએમ ચેલેન્જના દ્વિતિય ચરણને સફળતાપૂર્વક પૂર્ણ કર્યો છે. તેમણે તેમને આપવામાં આવેલ નિયત સમય મર્યાદા જે ૧૦.૩૦ કલાકની હતી તેના મુકાબલે માત્ર ૧૦.૦૫ કલાકમાં આ સાયક્લિંગ સવારી પૂર્ણ કરી છે. અગાઉ ઈશાન મોદી ગત સપ્ટેમ્બર માસમાં જ બીઆરએમનું પ્રથમ ચરણ જે ૪૦ કિમીની સાયક્લિંગનું હતુ તેને પૂર્ણ કરી ચુક્યાં છે. આ પહેલા તેઓ વર્ષ ૨૦૧૭માં નવેમ્બર માસમાં ૧૦૦ કિમી સાયક્લિંગ જેનું આયોજન ગાંધીનગરના ઈન્ફોસિટીથી મહેસાણા શંકુ વોટર પાર્ક સુધીનું હતું તેને પણ પૂર્ણ કરી ચુક્યાં છે. જો કે તેઓ ત્યારે તેમના મિત્રની સાયકલનો ઉપયોગ કરતા હતા પરંતુ ૬ માસ પૂર્વે તેમણે પોતાની સાયકલ ખરીદી છે અને તેના થકી તેમણે બીઆરએમના બે ચરણ ૪ માસમાં સફળતાપૂર્વક પુરાં કર્યા છે. ઈશાન મોદી ગાંધીનગરમાં ડામર સપ્લાયનો વ્યવસાય કરે છે અને તેઓ માહિતી ખાતાના નિવૃત્ત કર્મચારી વિનોદ મોદીના પુત્ર તથા બોલિવુડ અભિનેત્રી અવની મોદીના લઘુબંધુ છે.

## ગણપત યુનિવર્સિટી દ્વારા આયોજિત કોન્વોકેશનમાં

# ભૂમિકા જોશી પટેલને શિક્ષણ ક્ષેત્રે પીએચડીની પદવી એનાયત કરાઈ



ભૂમિકા જોશીને ગણપત યુનિવર્સિટી દ્વારા પીએચડીની પદવી એનાયત કરવામાં આવી છે. ભૂમિકા પટેલ હાલમાં કલોલ જિલ્લાના હાજીપુર ગામની પ્રાથમિક શાળામાં ફરજ બજાવે છે. રવિવારે ગણપત યુનિવર્સિટી દ્વારા આયોજિત પદવીદાન સમારોહમાં તેમને આ પદવી એનાયત કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ડૉ. ભૂમિકા જોશી પટેલ ગુજરાત ટુરિઝમના નિવૃત્ત ડેપ્યુટી મેનેજરનાં પુત્રી અને ભિલોડાના રેન્જ ફોરેસ્ટ ઓફિસર પ્રિયાંક પટેલનાં પત્ની છે.

# આખરે રૂરલ લેબર કમિશનર તંત્ર લેબર કમિશનર તંત્રમાં સમાવિષ્ટ

## અસંગઠીત કામદારોના સિશિયલ સિક્યોરિટી એકટમાં ખેત મજૂરોને પણ આવરી લેવામાં આવ્યા છે, રૂરલ લેબર કમિશનરના અલાયદા સેટ-અપની જરૂર નથી

ગાંધીનગર, તા. ૬

શ્રમ અને રોજગાર વિભાગે રૂરલ લેબર કમિશનરના તંત્રને લેબર કમિશનર સાથે ભેળવી દીધુ છે.

અસંગઠીત ખેત મજૂરોને સરકાર મારફતે સમયાંતરે જાહેર કરવામાં આવતું લઘુત્તમ વેતન મળી રહે તેની ખાત્રી માટે સાતેમ કમિશનની ભલામણોને અનુસરીને રૂરલ લેબર કમિશનરની કચેરીની શરૂઆત વર્ષ ૧૯૮૦માં કરવામાં આવી હતી.ગુજરાત રૂરલ લેબર કમિશનર, ગાંધીનગરના નેજા હેઠળ લેબર કમિશનર અને આસિ. લેબર કમિશનરની કચેરીઓ અનુક્રમે ૩૩ જીલ્લા અને ૧૧૬ તાલુકામાં કામ કરી રહી છે.

ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ વિપુલ મિત્રા જણાવે છે કે " રૂરલ લેબર કમિશનરની રચના ખેત કામદારોના લાભાર્થે કરવામાં આવી હતી. આમ છતાં, ભારત સરકારે અસંગઢીત કામદારો માટેનો સામાજીક સુરક્ષા ધારો અમલમાં મુક્યો છે, જેમાં ખેત મજૂરોને પણ આવરી લેવામાં આવ્યા છે. બદલાયેલી પરિસ્થિતિ અનુસાર, અમને એવુ લાગ્યું છે કે રૂરલ લેબર કમિશનરના અલાયદા તંત્રની કોઈ આવશ્યકતા નથી. ''

શ્રી મિત્રાએ જણાવ્યું કે ગુજરાત સ્ટેટ લેબર વેલફેર બોર્ડ અને રૂરલ લેબર કમિશનરની કેડરનો ઉપયોગ બોર્ડની પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે કરવો જોઈએ.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે " કલાસ ૧ અને કલાસ ૨ના અધિકારીઓ તથા કલાસ ૩ અને કલાસ ૪ના કર્મચારીઓ એક જ કેડરમાંથી આવે છે. આ કારણે બંનેનુ મર્જર કરવાથી સર્વિસના કેડર સંબંધી કોઈ મુદ્દાઓ ઉભા થાય તેમ નથી, અને તેનાથી ગુજરાત સ્ટેટ સોશિયલ સર્વિસ બોર્ડની ભરતીનો મુદ્દો પણ હલ થઈ જશે.''




ગાંધીનગરમાં સુવિધાઓ શરૂ કરાય છે પરંતુ તેનો પુરેપુરો ઉપયોગ થતો નથી અથવા તેનુ મેઈન્ટેનન્સ થતુ નથી. મહાનગરપાલિકા દ્વારા સેક્ટર-૧૭ ખાતે હનુમાન મંદિરની પાસે સરકારી શાળા નજીક સૌની દિવાલ બનાવવામાં આવી છે. વસ્ત્રો, જૂતાં સહિતની ચીજવસ્તુઓ વસાહતીઓ અહી મુકી જાય છે પરંતુ તેની યોગ્ય ગોઠવણી કે મેઈન્ટેનન્સ થતુ ન હોવાથી સૌની દિવાલ બીનઉપયોગી બનતી જાય છે. આ બાબત પ્રત્યે મનપાએ ધ્યાન આપવાની જરૂર છે.

## સમાજની શૈક્ષણિક સંસ્થાને નિવૃત્ત એએસઆઈ દ્વારા ૫ લાખનું દાન



ગાંધીનગર, તા. ૬

અનુસૂચિત જાતિ જનજાતિના શિક્ષિત બેરોજગાર યુવાનોને રોજગારલક્ષી શૈક્ષણિક સ્પર્ધાત્મક પરિક્ષા તાલિમ તેમજ શૈક્ષણિક સંકુલના લોકાર્પણ કાર્યક્રમ દહેગામ કપડવંજ માર્ગ ઉપર આવેલા સમતા એજયુકેશન ટ્રસ્ટ દ્વારા ૧૨૫ રૂમ તૈયાર કરવામાં આવ્યા છે. આ સંકુલમાં તાજેતરમાં ગાંધીનગર પોલીસ બેડામાંથી એએસઆઈ તરીકે નિવૃત્ત થયેલા અમૃતભાઈ બી. રાઠોડ દ્વારા સમાજના આ સંકુલમાં રૂ. ૫ લાખનું દાન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમતા એજયુકેશન ટ્રસ્ટ અને સમાજના આગેવાનો દ્વારા એએસઆઈ અમૃતભાઈનું સન્માન કરવામાં આવ્યું હતું.